Research Guru
Online Journal of Multidisciplinary Subjects (ISSN : 2349-266X)
UGC Approved Journal No. 63726
Impact Factor:3.021 website: www.researchguru.net
Volume-12, Issue-2, September-2018

# શ્રી સ્વામિનારાયણ આર્ટ્સ કોલેજની માતૃસંસ્થા 'સર્વોદય કૉલેજ'ના પ્રથમ આચાર્ય પ્રેમશંકર ભટ્ટ: કુશળ વહિવટદાર તરીકે

**માળી દશરથભાઈ હીરાજી**

પીએચ.ડી. વિદ્યાર્થી (ઈતિહાસ) સમાજવિદ્યા ભવન, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ.

## ❖ પૂર્વભૂમિકા

આજે સર્વોદય કૉલેજની સ્થાપનાને 62 વર્ષ થઈ ચૂક્યા છે. કૉલેજની 'ષષ્ટિપૂર્તિ' બે વર્ષ મોડી ઉજવાઈ. શ્રી મુક્તજીવન સ્વામીબાપા ઑડિટોરિયમમાં આ ઉજવણી રાખવામાં આવી હતી. લગભગ સાતસો-આઠસો લોકો આ ઉજવણી મહોત્સવમાં હાજર હતા. શ્રી સ્વામિનારાયણ ગાદી સંસ્થાનના વર્તમાન આચાર્ય પરમ પૂજ્ય પુરૂષોત્તમપ્રિયદાસજી સ્વામીજી મહારાજના અધ્યક્ષ સ્થાને આ ઉજવણી સમારોહ યોજવામાં આવ્યો હતો. જેમાં 'સર્વોદય કૉલેજ'થી લઈને 'શ્રી સ્વામિનારાયણ કૉલેજ'ના પૂર્વ અધ્યાપકો-વિદ્યાર્થીઓ અને વર્તમાન અધ્યાપકો-વિદ્યાર્થીઓ હાજર હતા. ઈ.સ.1956માં જે કિશોર અવસ્થા પાર કરીને કૉલેજમાં પ્રવેશ મેળવનારા વિદ્યાર્થીઓ એંશીની આસપાસ પહોંચી ગયા હતા તો એમના ગુરૂજનો લગભગ 85-90 વર્ષની ઉંમરે પહોંચ્યા હતા. તો તે પછીની પેઢી અને વર્તમાન પેઢીના લોકો આ ષષ્ટિપૂર્તિ મહોત્સવમાં પોતાના સંભારણા યાદ કરતા હતા. 'શ્રી સ્વામિનારાયણ કૉલેજ'ના વિદ્યાર્થી અને સંગીત પારંગત ડૉ. નરેન્દ્ર શાસ્ત્રીએ 'કોઈ નહીં પરાયા, મેરા ઘર સંસાર હૈ' ગોપાલદાસ નીરજની રચના પ્રસ્તુત કરી હતી.

कोई नहीं पराया, मेरा घर संसार है ।
मैं ना बँधा हूं देश काल की जंग लगी जंजीर में
मैं ना खड़ा हूं जाति-पाति की ऊँची-नीची भीड में
मेरा धर्म कहता हूँ कि प्यार है तो घट-घट में राम है
मुझ से तुम ना कहो कि मंदिर-मस्जिद पर मै सर टेक दूँ
मेरा तो आराध्य आदमी-देवालय हर द्वार है
कोई नहीं पराया मेरा घर सारा संसार है ।।

આ રચનાના મૂળતત્ત્વો 'સર્વોદય કૉલેજ'ના પાયામાં હતા, તો સકલ લોકનું ભલું ચાહતા જીવનપ્રાણ સ્વામીબાપાએ નાત, જાત, કોમ કે ધર્મના ભેદભાવ વિના વિશ્વના કલ્યાણ અર્થે ઉચ્ચ શિક્ષણ આપતી મહાશાળા સ્થાપવા પાછળનો ઉદ્દેશ પણ જ્હોન રસ્કિનના પુસ્તક 'અન્ટુ ધીસ લાસ્ટ'માં જોવા મળે છે. આ સમારંભમાં હાજર રહેલા વિદ્યાર્થીઓ અને અધ્યાપકોએ 'સર્વોદય કૉલેજ'ના પોતાના સંસ્મરણો યાદ કર્યા હતા. એક બંધ પડેલી મિલના ખંડેરમાં મસમોટાં જાળાઓ, કાટમાળ અને નિરવ શાંતિને દૂર કરીને કેવી રીતે કૉલેજ ધમધમવા લાગી તેનો આંખે દેખ્યો અહેવાલ આપ્યો હતો. તા.15મી જૂન 1956થી 'સર્વોદય કૉલેજ'નો પ્રારંભ થયો અને તા.21મી માર્ચ 1961ના રોજ રાધાકૃષ્ણને કૉલેજની નવનિર્માણ આધુનિક ઈમારતનું

ઉદઘાટન કર્યું ત્યાં સુધીની વાતો યાદ કરી હતી. વૈજ્ઞાનિક ઢબની આધુનિક ઈમારતમાં વિદ્યામંદિર કેવી રીતે શિફ્ટ થયું તેની યાદો પણ રોમાંચક હતી. સ્વામીબાપાએ સર્વોદય કૉલેજને અપનાવી અને તા.1લી એપ્રિલ, 1958થી નવું નામાભિધાન 'શ્રી સ્વામિનારાયણ કૉલેજ' થયા પછી પણ 1961 સુધી આ કૉલેજ સિટી મિલ કમ્પાઉન્ડમાં મૂળ જગ્યાએ જ ચાલતી હતી. નવી ઈમારત 1961માં બની, આજ સુધી આ સંસ્થા શાહઆલમ ટોલનાકે અવિરત ચાલે છે. સાહિત્યકાર અને કેળવણીકાર પ્રેમશંકર ભટ્ટ 'સર્વોદય કૉલેજ'ના પ્રથમ આચાર્ય બન્યા હતા.

❖ **પરિચયઃ પ્રેમશંકર ભટ્ટ**

તા.30મી ઑગસ્ટ, 1914ના રોજ ધાંગધ્રા તાલુકાના રાજસીતાપુર ગામે ઔદિચ્ય સહસ્ત્ર બ્રાહ્મણ કુટુંબમાં પ્રેમશંકર ભટ્ટ જન્મ્યા હતા. તેઓના પિતા હરિલાલ ધાંગધ્રા રાજ્યમાં 'ફોજદાર' તરીકે નોકરી કરતા હતા. તો તેઓને પણ લોકો 'ફોજદાર' કહીને બોલાવતા. પ્રેમશંકર ભટ્ટના જન્મ પછી થોડાક જ દિવસોમાં તેમની માતા ભાગીરથીબહેનનું અવસાન થયું હતું. તેથી તેમનો ઉછેર તેમના પિતાએ કર્યો હતો.[1] આગળ જતાં પ્રેમશંકર ભટ્ટે પોતાની માતાના દુઃખદ અવસાન અને માતા પ્રત્યેનો અનહદ પ્રેમ તેમણે 'માને' (ધારિત્રી) કાવ્યમાં પ્રગટ કરેલો.[2] પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ તેમણે હળવદની 'બાઈસાહેબા મિડલ સ્કૂલ'માંથી લીધા બાદ મેટ્રિકનો અભ્યાસ ધાંગધ્રાની 'શ્રી અજીતસિંહજી હાઈસ્કૂલ'માં કરી ભાવનગરમાં મેટ્રિકની પરીક્ષા આપી ઈ.સ.1933માં તેઓ મેટ્રિક થયા.[3] ખૂબ જ આશ્ચર્યની વાત તો એ છે કે તેઓ જ્યારે મેટ્રિકનો અભ્યાસ કરતા હતા ત્યારે ગુજરાતી વિષયમાં મેટ્રિકના અભ્યાસક્રમમાં તેમની ખુદની કવિતા ભણાવવામાં આવતી હતી અને તેમની પરીક્ષામાં પણ તેઓની કવિતા વિશેનો પ્રશ્ન પણ પુછાયેલો ![4] પ્રેમશંકર ભટ્ટ વિશેની વધુ વિગતો પ્રદ્યુમ્નભાઈ બધેકા પાસેથી પ્રાપ્ત થઈ.

❖ **પ્રદ્યુમનભાઈ બધેકાના સંભારણામાં પ્રેમશંકર ભટ્ટ**

મુંબઈ મુકામે જાણીતા વકીલ અને સર્વોદય કાર્યકર શ્રી પ્રદ્યુમ્ન બધેકાની આકસ્મિક મુલાકાત વાતચીતમાં તેમણે જણાવ્યું કે તેઓ ડૉ. બાબાસાહેબ આંબેડકર સ્થાપિત સિદ્ધાર્થ કૉલેજના વિદ્યાર્થી હતા. અને તે સમયે પ્રેમશંકર ભટ્ટ આ કૉલેજમાં ગુજરાતી ભાષાના અધ્યાપક હતા. ભારતના બંધારણના ઘડવૈયા બાબાસાહેબ સ્વયં પોતે વિશ્વવિખ્યાત યુનિવર્સિટી અને સંસ્થાઓમાં અભ્યાસ કરીને સ્વદેશ પરત ફર્યા હતા. ભારતમાં તેમણે સુધારાની જબરજસ્ત ચળવળ શરૂ કરી હતી અને તેના એક ભાગરૂપે તેઓ મુંબઈમાં પ્રથમ દરજ્જાની કૉલેજ કરવા માગતા હતા. એ સમયે મુંબઈમાં એલ્ફિસ્ટન અને વિલ્સન કૉલેજ તેના અધ્યાપકોને કારણે વિદ્યાર્થીઓના આકર્ષણનું કેન્દ્ર હતું. તેથી ડૉ. આંબેડકરે પોતાની કૉલેજમાં અંગ્રેજી, તત્વજ્ઞાન, અર્થશાસ્ત્ર વગેરેના અધ્યાપકો સાથે ઉર્દૂ-પર્શિયનના અધ્યાપક પણ નિમ્યા હતા. દેશની આર્થિક રાજધાની મુંબઈમાં ખૂબ જ મોટી સંખ્યામાં ગુજરાતીઓની મહત્વની ભૂમિકા હતી તેથી તેમણે મુખ્ય વિષય તરીકે ગુજરાતી ભાષાને પણ કૉલેજમાં સ્થાન આપ્યું.

પ્રેમશંકર ભટ્ટ એ ભાવનગરની જાણીતી શામળદાસ કૉલેજમાંથી ગુજરાતી વિષય સાથે બી.એ. થયા હતા. આ જ શામળદાસ કૉલેજમાં રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીએ થોડાક મહિના અભ્યાસ કર્યો હોવાથી તેની આગવી ઓળખ ઊભી થઈ હતી. બી.એ. થયા પછી પ્રેમશંકર ભટ્ટ બ્રિટિશ કંપની "બર્મા સેલ"માં ક્લેરિકલ પોસ્ટ પર જોડાયા. અંગ્રેજી ભાષા પર પ્રભુત્વ ધરાવનાર

પ્રેમશંકરની બ્રિટિશ કંપનીએ કદર કરી અને થોડા જ સમયમાં તેમને કંપનીના "માહિતી અધિકારી" તરીકે પ્રમોશન આપ્યો. સારો પગાર પણ કરી આપ્યો.[5] પરંતુ પ્રેમશંકરનું જીવ 'કૉર્પોરેટ જગતમાં નહિ સાહિત્ય જગતમાં' જીવતો હતો. તેઓ ઘણા સમયથી મૂંઝવણ અનુભવતા હતા, એવામાં ડૉ. આંબેડકરની સિદ્ધાર્થ કૉલેજમાં ગુજરાતીના વ્યાખ્યાતાની જગ્યા પડી અને તેઓ બર્મા સેલ કંપની કરતાં ઓછા પગારે અધ્યાપક તરીકે જોડાયા. પ્રેમશંકર ભટ્ટના જીવનનું આ ટર્નિંગ પોઈન્ટ સાબિત થયું હતું.

એક વખત સિદ્ધાર્થ કૉલેજમાં વક્તૃત્વ સ્પર્ધા યોજાઈ અને તેમાં પ્રદ્યુમ્નભાઈએ ભાગ લીધો. સામાન્ય કુટુંબમાંથી આવતા પ્રદ્યુમ્નભાઈ પાસે બેલ્ટ પહેરવાના પૈસા ન હોવાથી થોડી-થોડી વારે તેમની ઢીલી પેન્ટ બોલતાં-બોલતાં ઊતરી જતી હતી. શ્રોતાઓ હસતા હતા. પરંતુ નિર્ણાયક તરીકે બેઠેલા પ્રેમશંકર ભટ્ટ ધ્યાનપૂર્વક તેમનું વક્તવ્ય સાંભળતા અને લાક્ષણિકતાઓ નોંધતા હતા. પ્રદ્યુમ્નભાઈને આશ્વાસન ઈમાન મળ્યું અને નિર્ણાયક પ્રેમશંકરભાઈએ શાબાશી આપતાં બીજે દિવસે પ્રદ્યુમ્નભાઈને મળવા કહ્યું. પ્રદ્યુમ્નભાઈ બીજા દિવસે કૉલેજ છૂટ્યા પછી સ્ટાફરૂમની બહાર પ્રેમશંકરભાઈના નીકળવાની રાહ જોતા હતા. બધા અધ્યાપકો નીકળી ગયા અને પ્રેમશંકરભાઈ ન નીકળ્યા. થોડીવાર પછી પટાવાળાએ તેમને સ્ટાફરૂમમાં જઈને સાહેબને મળવાનું સૂચન કર્યું. સાહિત્ય સાધનામાં મસ્ત પ્રેમશંકરભાઈને સમયનો કે પ્રદ્યુમ્નભાઈના આવવાનો અણસાર સુધ્ધાં ન હતો. થોડીક ક્ષણો ઊભા રહ્યા પછી પ્રદ્યુમ્નભાઈએ કહ્યું-'ભટ્ટ સાહેબ'. લેખન કાર્યમાં તલ્લીન પ્રેમશંકર સાહેબે પાછળ જોયું અને બોલ્યાઃ 'ઓહ ! બધેકા' 'આવ દિકરા, લે તારા માટે બેલ્ટ લાવ્યો છું, બિન્દાસ વક્તવ્ય આપ.' સંકોચ સાથે પ્રદ્યુમ્નભાઈએ પ્રેમશંકર ભટ્ટ દ્વારા આપવામાં આવેલો ચામડાનો પટ્ટો પહેરી લીધો. આ પ્રસંગ છ દાયકા પૂર્વનો હતો પણ પ્રદ્યુમ્નભાઈની આંખમાં અને શબ્દોમાં જીવંત લાગતો હતો.

થોડા વર્ષો પછી પ્રદ્યુમ્નભાઈ વકીલ થયા. સ્થાયી થયા અને મુંબઈના જાણીતા કુટુંબમાં તેમના લગ્ન થયા. પ્રદ્યુમ્નભાઈના સસરા મુંબઈના જાણીતા વેપારી હતા અને તેઓ પ્રેમશંકર ભટ્ટના ગાઢ મિત્ર હતા, આથી સ્વાભાવિક છે કે પોતાના મિત્રના પુત્રીના લગ્નમાં પ્રેમશંકરભાઈ સાહેબ આવે જ. પ્રેમશંકરભાઈના પગે નવદંપતી લાગ્યા ત્યારે પ્રદ્યુમ્નભાઈએ કહ્યું, 'સાહેબ, આજે પણ મેં આપના દ્વારા આપેલો લેધર બેલ્ટ પહેર્યો છે.' પ્રેમશંકરભાઈ મલકાયા અને નવદંપતીને આશીર્વાદ આપી સ્ટેજ પરથી નીચે ઊતરી ગયા. ત્યાર બાદ પ્રેમશંકરભાઈ અમદાવાદની 'સર્વોદય કૉલેજ'માં આચાર્ય તરીકે જોડાતા પૂર્વે પ્રદ્યુમ્નભાઈના સસરા ત્યાં જમવા માટે આવ્યા ત્યારે ખૂબ જ વાતો થઈ. થોડા દિવસો પછી અમદાવાદથી પ્રેમશંકરભાઈ પાછા મુંબઈ આવ્યા અને પ્રદ્યુમ્નભાઈના સસરા સાથે મુંબઈના કેટલાક ધનાઢ્ય અને દાનવીર ગુજરાતી વેપારીઓ પાસે સર્વોદય કૉલેજ માટે દાન લેવા ગયા, કેમ કે એ સમયે ત્રણેક લાખ રૂપિયાની ડિપોઝીટ નવી શરૂ થતી કૉલેજ દ્વારા યુનિવર્સિટીમાં જમા કરાવવી રહેતી હતી. અલબત્ત, મુંબઈ રાજ્યના મુખ્યમંત્રી મોરારજીભાઈ કહેવાથી ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ હરસિદ્ધભાઈ દિવેટિયા દ્વારા તેમાં ઘણી રાહત કરી દેવામાં આવી હતી. પ્રદ્યુમ્નભાઈના સસરા જ્યાં સુધી જીવિત રહ્યાં ત્યાં સુધી પ્રેમશંકર ભટ્ટ વેકેશન દરમ્યાન મુંબઈ આવતા અને એ રીતે મુંબઈ સાથેના સંબંધો જીવંત

રાખતા, પાછળથી સાર્વજનિક જીવનમાં ખૂબ જ ઊંચાઈ પર પહોંચનાર પ્રદ્યુમ્નભાઈએ કહ્યું કે ‘મને યાદ નથી કે પ્રેમશંકર ભટ્ટ દ્વારા તેમને કોઈ ભલામણ મળી હોય ![6]

❖ **સર્વોદય કોલેજના સુકાની તરીકે પ્રેમશંકર ભટ્ટ**

પ્રેમશંકર ભટ્ટ નાનપણથી સાહિત્ય ક્ષેત્રે નામના ધરાવતા થઈ ગયા હતા અને આગળ જતાં તેઓ પ્રખર ગુજરાતી સાહિત્યકાર થયા. સાથે સાથે તેઓ શિસ્તના પણ ખૂબ જ આગ્રહી હતા. ‘સર્વોદય કૉલેજ’ સાત વાગે શરૂ થતી તો પ્રેમશંકર ભટ્ટ કૉલેજના ગ્રાઉન્ડમાં અડધા કલાક પહેલા સવારના સાડા છ વાગે રાઉન્ડ લેતાં હતા. આમ, ગુજરાતી વિષયના પ્રખર સાહિત્યકાર, કેળવણીકાર, સ્વયં શિસ્તના આગ્રહી, નિષ્ઠાવાન અને વિદ્વાન પ્રેમશંકર ભટ્ટ એ આ નવી શરૂ થયેલ સર્વોદય કૉલેજના પ્રથમ આચાર્ય સાથે વિદ્યાર્થીઓના જીવન ઘડતરના તેઓ પ્રેરણાદાયી પણ હતા. તેઓએ ખૂબ જ ઓછા સમયમાં આ સંસ્થાનો સારો વિકાસ કર્યો હતો.

પ્રેમશંકર ભટ્ટ કોઈપણ કામ વ્યૂહરચના પ્રમાણે કરતા હતા અને તેઓને સિદ્ધાર્થ કૉલેજનો અધ્યાપક તરીકેનો અનુભવ પણ હતો. દરેક વિદ્યાર્થીમાં તેની સુષુપ્ત શક્તિ છુપાયેલી હોય છે. આ સુષુપ્ત શક્તિઓને કઈ રીતે બહાર કાઢવી તે પ્રેમશંકર ભટ્ટ સારી રીતે જાણતા હતા. યુવાન છતાં અનુભવી પ્રેમશંકર ભટ્ટે હરીફાઈ, સંસ્કારી કે વિદ્યાલક્ષી પ્રવૃત્તિમાં રસ ધરાવતા વિદ્યાર્થીના વ્યક્તિત્વના વિકાસ માટે પૂરી તક મળી રહે તે દ્રષ્ટિએ એમના માર્ગદર્શન નીચે સર્વોદય કૉલેજની શરૂઆતના પ્રથમ સત્રમાં જ અધ્યાપકોને સામેલ કરી અને કૉલેજમાં વિવિધ મંડળો સ્થાપ્યા. તેની માહિતી કૉલેજના પ્રથમ વર્ષના અહેવાલમાંથી પ્રાપ્ત થાય છે.

(1) ગુજરાતી સાહિત્ય મંડળ

(2) હિન્દી સાહિત્ય મંડળ

(3) સંસ્કૃત સાહિત્ય સંસદ

(4) ઈંગ્લિશ એસોસિએશન

(5) સમાજવિદ્યા સંસદ

તે મંડળો દ્વારા વર્ષભર ચર્ચાસભાઓ, વક્તૃત્વ સ્પર્ધાઓ, લેખન હરીફાઈઓ અને આનંદપ્રમોદના વિવિધ કાર્યક્રમો યોજાયા છે. કેળવ માતૃભાષા ગુજરાતીમાં જ નહી, પણ રાષ્ટ્રભાષા હિન્દી અને ભૂલાતી જતી અંગ્રેજીમાં પણ વિદ્યાર્થીઓને સભાસમક્ષ તેમનો માનસવ્યાપાર રજૂ કરતા અને કર્યા છે. અરે, દેવગીરી સંસ્કૃતમાં નાટકો ભજવવાનો અતિવિરલ ઉત્સાહ પણ વિદ્યાર્થીઓએ દર્શાવ્યો છે. અમારા આચાર્યશ્રીની પ્રેરણાથી પ્રગટેલા વિદ્યાર્થીઓના આવા ઉત્સાહને લીધે જ કૉલેજ તેના પ્રથમ વર્ષમાં આ યુનિવર્સિટી સપ્તાહ દરમ્યાન જ્ઞાનોત્સવ યોજી શકી છે. તદ્ઉપરાંત યુનિવર્સિટી યોજીત ચર્ચા સભાઓમાં તથા મહાત્મા ગાંધીજી અને મહાદેવભાઈ દેસાઈની સ્મૃતિ સાથે સંકળાયેલી સ્થાનિક કૉલેજો દ્વારા યોજાતી વક્તૃત્વ સ્પર્ધાઓમાં પોતાના પ્રતિનિધિઓ પાઠવી શકી છે.[7] આમ, જુદા જુદા વિષયોના મંડળો જે તે જ વિષયના અધ્યાપકને તે મંડળની કામગીરી સોંપતા. ગુજરાતી વિષયનું ‘ગુજરાતી સાહિત્ય મંડળ’ રચ્યું હતું. તેની કામગીરી ગુજરાતીના અધ્યાપક અને પછીથી ‘શ્રી સ્વામિનારાયણ આર્ટ્સ કૉલેજ’ના બીજા નંબરના આચાર્ય તરીકે ફરજ બજાવેલી તેવા શ્રી કાંતિલાલ આચાર્યને સોંપવામાં આવી હતી. તેમાં પ્રેમશંકર ભટ્ટ પોતે પણ રસ લઈ અને અનેક પ્રવૃત્તિઓ કરાવતા

તેમાં લગભગ બધા જ વિષયોના વિદ્યાર્થીઓ ભાગ લેતા હતા. ગુજરાતી નિબંધ સ્પર્ધા, વક્તૃત્વ સ્પર્ધા, એકપાત્રીય અભિનય, નાટકો, અન્ય ઈનામ સ્પર્ધાઓ રાખતા જેનાથી વિદ્યાર્થીઓ પોતાની સુષુપ્ત શક્તિઓ બહાર કાઢી અને સૌથી બેસ્ટ કરવાનો પ્રયત્ન કરતા અને આગળ જતાં ઘણા વિદ્યાર્થીઓ તેમાં તેમની કારકિર્દી બનાવતા. તેમાંથી કેટલાક લેખન ક્ષેત્રે ઝંપલાવતા તો કેટલાક અભિનય ક્ષેત્રે આગળ વધતા તો વળી કેટલાક ગાયક-વાદન તરીકે પણ પોતાનું નસીબ અજમાવતા. તા.15મી જુલાઈ 1963ના સુધી આ સંસ્થાને સેવાઓ આપ્યા બાદ બે વર્ષ ધાંગધ્રાની કૉલેજમાં આચાર્ય રહી અને તે પછી દહેગામની કૉલેજમાંથી નિવૃત્ત થયા અને 1976માં તેઓનું નિધન થયું. દહેગામ કૉલેજની છાત્રાલય એ તેઓના પરિશ્રમ અને મહેનતના કારણે મંજૂર થઈ અને તેઓની દેખરેખ હેઠળની હૉસ્ટેલની ઈમારત બાંધવામાં આવી હતી. જે આજે પણ ગરીબ વર્ગના વિદ્યાર્થીઓ માટે આશીર્વાદ રૂપ નીવડી છે.

## ❖ સમાપન

મધ્યમ પરિવારમાં ઉછરેલા પ્રેમશંકર ભટ્ટને શિક્ષણ સંસ્કાર વારસામાંથી જ મળ્યા હતા. અભ્યાસનો ખૂબ જ શોખ હોવાથી વિદ્યાર્થી જીવનમાં પણ હંમેશા અગ્રેસર હતા અને નાનપણથી જ સાહિત્યમાં રૂચી ઉત્પન્ન થઈ હતી. યુવાવસ્થામાં સારી રીતે કંપનીમાં ફરજ બજાવ્યા પછી શિક્ષણમાં વધુ આગળ વધવાની વૃત્તિથી કૉલેજના અધ્યાપક તરીકે મુંબઈથી કારકિર્દી શરૂ કરી અને ત્યારબાદ સર્વોદય કૉલેજના પ્રથમ આચાર્ય બન્યા હતા. તેઓ શિસ્તના પણ ખૂબ જ આગ્રહી હતા. આમ, ગુજરાતી વિષયના પ્રખર સાહિત્યકાર, કેળવણીકાર, સ્વયં શિસ્તના આગ્રહી, નિષ્ઠાવાન અને વિદ્વાન પ્રેમશંકર ભટ્ટ વિદ્યાર્થીઓના જીવન ઘડતરના પ્રેરણાદાયી હતા. અને ખૂબ જ ઓછા સમયમાં સર્વોદય કૉલેજનો અને પછીથી સ્વામિનારાયણ કૉલેજના નામે રૂપાંતરિત થયેલી સંસ્થાનો સારો વિકાસ કર્યો હતો.

## સંદર્ભસૂચિ


1. સર્વોદય કોલેજ અને શ્રી સ્વામિનારાણ કૉલેજના પ્રથમ આચાર્ય પ્રેમશંકર ભટ્ટના પુત્ર ગૌરાંગભાઈ ભટ્ટની રૂબરૂ મુલાકાતના આધારે
2. પ્રેમશંકર હ. ભટ્ટ, પ્રેમામૃત, ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ 1978, પૃ. 1
3. સુધા એન. ભટ્ટ, પ્રેમશંકર ભટ્ટની કવિતા, લઘુશોધ નિબંધ, સૌરાષ્ટ્ર યુનિ. રાજકોટ, 2002, પૃ. 8
4. ચંદ્રશંકર ઉમાશંકર શુક્લ (સંકલન), અર્ઘ્ય, શ્રી વિજયાબહેન શુક્લ પરિવાર ટ્રસ્ટ, અમદાવાદ, 2000, પૃ. 58
5. ઉપેન્દ્ર છ. પંડ્યા (સંપાદક), ડૉ. રમણલાલ ક. યાજ્ઞિક સ્મૃતિ-ગ્રંથ, સુરૂપ મુદ્રિકા, રાજકોટ, 2000, પૃ.36
6. મુંબઈના પ્રખ્યાત વકીલ પ્રદ્યુમ્ન બધેકાની રૂબરૂ મુલાકાતના આધારે
7. કાંતિલાલ આચાર્ય તથા અન્ય (સંપાદક મંડળ), સર્વોદય, સર્વોદય કેળવણી મંડળ સંચાલિત આર્ટ્સ કૉલેજ, અમદાવાદ, 1957, પૃ. 13